Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનન્દ પ્રકાશ.

દોહરો.

આત્મવૃત્તિ નિર્મલ કરે, આપે તત્ત્વ વિકાશ;
આત્માને આરામ દે, આત્માનન્દ પ્રકાશ.

પુસ્તક ૬ ઠું. વિક્રમ સંવત્ ૧૯૬૫. માહ. અંક ૭ મો.

## પ્રભુ સ્તુતિ.

ગીતિ.

જય જયધર[1] જિનમૂર્તિ, જય જગદજ્ઞાન[2] અંધઉદ્ધારી;
તારો ત્રિભુવન નાયક, આ ભવથી ભવ્ય[3] રૂપ શિવકારી.[4] ૧
મગ્ન થયા જે માનવ, કર્મપંકમાં[5] પ્રકૃષ્ટ મોહ ધરી;
ઉદ્ધારો અરિહંતા, સુખકર સર્વજ્ઞ દેવશરણ કરી. ૨

## ગુરૂ સ્તુતિ.

વસંતતિલકા.

જે અંતરંગ[6] અરિને હરતા ઉનંગે,
ચારિત્ર તેજ ધરતા રહિ સામ્ય[7] સંગે;
જ્ઞાન પ્રભાવન[8] કરે પરમ પ્રભાવે,
તે જૈન શુદ્ધ ગુરૂને નમિએ સુભાવે.[9]

૧. જયને ધારણ કરનાર. ૨. જગતના અજ્ઞાનથી અંધ થયેલા પ્રાણીઓનો ઉદ્ધાર કરનારા. ૩. ભવ્યરૂપને ધારણ કરનાર. ૪. મોક્ષને કરનારા. ૫. કર્મરૂપી કાદવમાં. ૬. અંદરના કામ ક્રોધાદિ શત્રુઓને, ૭. સમતાના યોગથી. ૮. જ્ઞાનની પ્રભાવના. ૯. સારા ભાવથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ક્ષમા અને ક્રોધનો સંવાદ.

એક રમણીય ઉદ્યાનના મધ્ય ભાગે અશોક વૃક્ષ આવેલું હતું. તે નવપલ્લવોથી સુશોભિત હતું. તેની આસપાસ મદોન્મત્ત મધુકરો ગુંજારવ કરી રહયા હતા, શીત, મંદ અને સુગંધી પવનથી ચલાયમાન થયેલી તેની શાખાઓ નૃત્ય કરી રહી હતી. આ વખતે એક સુંદર રમણી તેની છાયા નીચે આવી ઊભી રહી. તેણીના ગૌર શરીર ઊપર શાંત અને શીતલ તેજ ચલકતું હતું. મુખ કમળની આસપાસ શાંતિમય તેજનું ભામંડળ પ્રકાશતું હતું. તેણીનું સૌંદર્ય મનોહર હતું, તથાપિ તે સૌંદર્ય શ્રંગારનું પોષક ન હતું, પણ શાંતિનું પોષક હતું, તેણીના દરશનથી પ્રેક્ષકને શાંત રસનો પૂર્ણ અનુભવ થતો.

આ રમણી પોતાના શાંત નેત્રો ચારે તરફ પ્રસારતી હતી અને હૃદયમાં સર્વ વિશ્વનું કલ્યાણ કરવાની ઇચ્છા રાખતી હતી. આ સમયે પ્રચંડ રૂપને ધારણ કરનારો એક વિકરાળ પુરૂષ ત્યાં આવી ચઢયો. તેના શરીરની કૃષ્ણપ્રભા ચારે તરફ અંધકારને પ્રસારતી હતી. તેના લોચનમાંથી રક્તપ્રભા નીકળતી હતી. તે વારંવાર પોતાના હાથ પગ પછાડતો અને ભયંકર નાદ કરતો હતો. તે પુરૂષે આવી તે રમણીના સામે જોયું, ત્યાં તેનો આવેશ મંદ પડી ગયો. તે ક્ષણવારમાં શિથિલ થઇ ગયો. પોતાની આવી સ્થીતિ અકસ્માત્ થતી જોઇ તે નમ્રતાથી બોલ્યો સુંદરી, તું કોણ છે? તારી સમીપ આવતાં મારી આવી સ્થિતિ કેમ થઇ ગઇ ? મારો આવેશ તદન મંદ કેમ થઇ ગયો ?

તેના આવા વચનો સાંભળી તે રમણી હાસ્ય કરીને બોલી– અરે અભિમાની પુરૂષ, હું ક્ષમાદેવી છું ભારત વર્ષની આર્હત પ્રજા મને મોટું માન આપે છે. ત્રૈલોકયવંદનીય તીર્થંકરો, સિદ્ધ પુરૂષો, ઉપાધ્યાયો, આચાર્યો અને મુનિઓ સર્વથા મારી પ્રશંસા કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મારા યોગથી મનુષ્યો ઉત્તમ ગતિના અને છેવટે મોક્ષના અધિકારી બને છે. મારા (ક્ષમાના) સ્વરૂપને ઓળખનારા પુરૂષો આ જગત્માં વંદનીય અને પ્રશંસનીય થાય છે. જ્યાં મારો વાસ હોય છે, ત્યાં સર્વ પ્રકારના સુખોનો વાસ થાય છે. એવી હું ક્ષમા છું.

ક્ષમાના આ વચન સાંભળી તે વિકરાળ પુરૂષ બોલ્યો, ભદ્રે, તારૂં સ્વરૂપ મારા જાણવામાં આવ્યું છે. પરંતુ તું કેટલી એક વિશેષ પડતી આત્મ પ્રશંસા કરે છે. જો તું સર્વ રીતે સુખદાયિની હોય તો તારૂં દર્શન થતાં મારી શક્તિનો નાશ કેમ થાય ? મને તારા દર્શનથી શા માટે દુઃખ થવું જોઇએ ?

ક્ષમાએ ઇંતેજારીથી પુછયું. અરે ભયકંર પુરૂષ, તું કોણ છે ? તને મારા દર્શનથી દુઃખ શામાટે થાય છે ? તેમાં કાંઇ પણ કારણ હોવું જોઇએ. જો તું તારૂં સ્વરૂપ સારી રીતે ઓળખાવીશ તો તે કારણ જાણવામાં આવશે.

તે વિકરાળ પુરૂષ બોલ્યો—“ભદ્રે, મારૂં નામ ક્રોધ છે. મે મારી શક્તિથી આ સર્વ વિશ્વને વશ કરેલું છે. મારા ભયંકર રૂપથી સર્વને ત્રાસ છુટે છે. મારી અગાધ શક્તિની આગળ બીજી શક્તિ પરાસ્ત થઇ જાય છે.

**ક્ષમા**—અરે ભયકંર પુરૂષ, હવે મારા સમજવામાં સારી રીતે આવી ગયું. મારી આગળ તારી શક્તિ શિથિલ થાય, એમાં કાંઇ પણ આશ્ચર્ય નથી. જ્યાં હું ક્ષમા હોઉં, ત્યાં તું ક્રોધ ટકી શકે નહીં. તું અહિં શી રીતે આવ્યો ? જ્યાં મારો વાસ હોય, ત્યાં તારૂં આગમન હોવું ન જોઇએ.

**ક્રોધ**—ભદ્રે, તું અભિમાનના વચન શામાટે બોલે છે ? મને પરાભવ કરવાને કોઇપણ સમર્થ નથી. તું એમ જાણે છે કે, ‘ મારા દર્શનથી આની શક્તિ ક્ષીણ થઈ ગઇ છે ’ પણ તે વિષેનું અભિમાન રાખીશ નહીં. જ્યારે હું મારૂં પૂર્ણ સ્વરૂપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રગટ કરૂં છું. ત્યારે તું ક્ષણવાર પણ ટકી શકવાની નથી. મારા (ક્રોધના) આવેશમાં દેવતાઓ પણ કંપી ચાલે છે; તો તું કોણ માત્ર છે ?

**ક્ષમા**—અરે અવિચારી પુરૂષ, શામાટે વધારે પડતી આત્મ પ્રશંશા કરે છે ? તારી શક્તિ મારા જાણવામાં છે. તું ગમે તેવી શક્તિ ધરાવે છે ! પણ આખરે તારા યોગથી પ્રાણી અધમ દશાને પામે છે. જેઓ સાહસથી તારો આશ્રય કરે છે, તેઓ પોતેજ પોતાનો નાશ કરવાને તૈયાર થાય છે. ઘણાં પુરૂષોએ તારા આવેશમાં પોતાનો ઘાત કરેલો છે. જેનાથી એવી મહાન્ હાનિ થાય, તેવા અધમની શક્તિ શા કામની છે ? ઘણાં વિદ્વાનો, અને વ્રત ધારીઓ તારાથી દૂર રહેવાની સૂચના કરે છે. તારા સંપર્કમાં આવેલા માણસો આ લોક તથા પરલોકમાં અતિશય દુઃખી થાય છે.

**ક્રોધ**—(ક્રોધાતુર થઇને) અરે કટુવચન બોલનારી ક્ષમા, તું મારે માટે વધારે પડતાં નિંદાના વચનો બોલે છે. શું હું એવો તદન ના લાયક છું.? કે જેને માટે તારા મુખમાંથી આવા અનુચિત વચનોના ઉદ્ગાર નીકળે છે. ! ક્ષમા, તું સ્વભાવે શાંત હોવાથી મારી શક્તિ અને મારો પ્રભાવ તારા જાણવામાં આવે તેમ નથી. તું કોઇપણ રીતે મારા સ્વરૂપને ઓળખવાને સમર્થ નથી. આ જગતમાં જો મારો વાસ ન હોત તો વીરધર્મનો તદન નાશ થઇ જાત. ચક્રવર્ત્તીઓ, ઇંદ્રો અને રાજાઓ મારા પ્રભાવથીજ રાજ્ય કરી શકે છે. રણભૂમિના વિશાળ ક્ષેત્રમાં ઘૂમનારા વીર પુરૂષો મારા આશ્રય વિના વિજય મેળવી શકતા નથી. શક્તિ, બળ, પ્રતાપ અને તેજ મારાથીજ શોભે છે. જેનામાં હું [ક્રોધ] પ્રગટ થતો નથી, તે પુરૂષ શક્તિ, બળ, પ્રતાપ અને તેજથી રહિત હોઇ નિર્માલ્ય ગણાય છે.

**ક્ષમા**—અરે મદધારી, તારે આવો અતિશય ગર્વ રાખવો ન જોઇએ. તારી શક્તિ, તારૂં બળ, તારો પ્રતાપ અને તારૂં તેજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેવાં છે ? અને પરિણામે તેનાથી કેવું સુખ થાય છે ? એ વાત મારા જાણવામાં છે, હું મારા ( ક્ષમાના ) સ્વભાવને લઇને વિશેષ કહેવાની ઇચ્છા રાખતી નથી. તથાપિ તારા હિતની ખાતર મારે કહેવું જોઇએ કે, જેને તુ પોતે તારા ગુણોને ગુણ બુદ્ધિથી જુવે છે, તે ગુણો નથી, પણ અવગુણો છે, એમ તારે જોવું જોઇએ. જો કે, મારે મારા સ્વભાવને લઇને તારા દોષ પણ કહેવા ન જોઇએ; પણ તા ા હિતની ખાતર મારે કહ્યા વિના રહેવાતું નથી. બીજાને તેના હિતની વાત કરવી, એ ઉત્તમ માણસનો ધર્મ છે. અરે કુરૂપી, હું તને વિનંતિ પૂર્વક કહું છું કે, તારે તારા દોષને જોવાં અને જો બને તો એ દોષનો ત્યાગ કરી તારે તારા ભયંકર સ્વરૂપને ભુલી જવું જોઇએ.

( અપૂર્ણ. )

# ગૃહસ્થાવાસમાં કેવળજ્ઞાની.

( અનુસંધાન ગત બીજા વર્ષના અંક ૫ પાને ૧૧૬ થી ).

પ્રિય વાચકવૃંદ ? અમારા આ માસિકના ગુણી ગ્રાહકો અને આ આત્માનંદ પ્રકાશમાં આવતા વિવિધ લેખનો યોગ્ય લાભ લેનાર જૈન બંધુઓને આશ્ચર્ય લાગશે કે, આ છઠ્ઠા વર્ષમાં એટલે કે શુમારે ચાર વર્ષે આ લેખનું સ્મરણ કેમ થયું હશે? સવિનય જણાવવા રજા લઇએ છીએ કે આ લેખ આ માસિકના પેલા અને બીજા વર્ષમાં છુટક છુટક રીતે આ સભાના મરહુમ પ્રમુખ વકીલ મુળચંદ નથુભાઇ તરફથી પ્રગટ કરવામાં આવેલો હતો, ભવિતવ્યતાના યોગે આ માસિકના ત્રીજા વર્ષના દરમ્યાન તે નર રત્નનો સ્વર્ગવાસ થતાં તે અત્યાર સુધી મુલતવી રહયો હતો પરંતું તે લેખ ( આ કથાનું યોગનો વિષય ) ચમત્કારિક તેમજ અપુર્વ રસમય હોવાથી તે પુર્ણ કરવા કેટલાક ગ્રાહકો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તરફથી ઘણા વખતથી સુચના થતાં અમારી અલ્પમતિથી તે પુર્ણ કરવા એટલે કે જ્યાંથી અપુર્ણ રહયો છે ત્યાંથી શરૂ કરવામાં આવ્યો છે.

કુર્મા રાણીના ગર્ભમાં સાતમા દેવલોકથી દેવતા સંબંધી આયુ પુર્ણ કરી દુર્લભ કુમારનો જીવ ઉત્પન્ન થયો છે, ઉત્તમ ગર્ભને પ્રભાવે રાણીને ત્રીજે માસે ધર્મ શ્રવણ કરવાનો દોહદ્ ઉત્પન્ન થયો. જેથી ષટ દર્શનના પૃથક પૃથક પંડિતોને પોત પોતનાં ધર્મ શાસ્ત્રો શ્રવણ કરવા સારૂ રાજાએ રાણીની સમીપે બોલાવ્યા, જેમાં પ્રથમ સાંખ્ય, બીજુ મીમાંસક અને ત્રીજુ બૌધ એમ ત્રણ દર્શનોના પંડિતોએ પોતાના દર્શનનું શ્રવણ રાણીને કરાવ્યું, જેને રાણીએ ગર્ભના પ્રભાવે ન્યાય અને તત્વજ્ઞાનની યુક્તિથી તેઓને જીત્યા અને તે દર્શન ઉપર રૂચી થઇ નહીં ત્યાંસુધીની હકીકત બીજા વર્ષના અંક ૫ મામાં ૧૧૯ મા પાનામાં આવી ગયેલ છે હવે આહીંથી આ લેખનું તે અનુસંધાન શરૂ થાય છે.

રાણીની આવી ચમત્કારિક બુદ્ધિથી રાજા બહુજ ખુશી થયો. અને આ બધો ગર્ભનો પ્રભાવ છે. એમ જાણી બહુજ આનંદિત થયો અને તરતજ બીજા મતના પંડિતને બોલાવવા સૂચના કરી. જેથી નૈયાયિક મતના પંડિત હાજર થયા. રાજાએ તેમને આસન ઉપર બેસવા વિનંતી કરી જેથી તેઓએ આસન લીધું અને રાજા રાણી પણ પોતાના ઉચિત સ્થાનક ઉપર બેઠા કે તરતજ પંડિતજીએ પોતાના દર્શનનું સ્વરૂપ કહેવા માંડયું.

હે મહાદેવી? અમારા દર્શનનું નામ નૈયાયિક છે અમારા અને વૈશેષિક દર્શનમાં ઝાઝી ન્યુનાધિકતા નથી. ન્યાયમાં અમે બંને સરખા છીએ પરંતુ તત્વમાં ભેદ છે. અમારા નૈયાયિક દર્શનના પ્રણેતા ગૌતમ છે અમારા દર્શનના ગુરૂઓ દંડધારી પ્રોઢ કોપીન પહેરનારા કાંબળી ઓઢનારા જટાધારી ભસ્મ લપેટનારા, યજ્ઞોપવિત રાખનારા, જળપાત્ર હાથમાં રાખનારા, નીરક્ષ આહા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ર કરનારા, પ્રાય: વનવાસી ખંભે તુંબડું રાખનારા, કંદમુળ ફળ ખાનારા આતિથ્ય કર્મ નિરત, સ્ત્રી સહિત કે રહિતપણુ રહિત તે ઉત્તમ પંચાગ્નિ સાધન કરનારા, શીવનું ધ્યાન કરતાં ભસ્મ થકી અંગને ત્રણ ત્રણવાર સ્પર્શે છે. યજમાન વંદના કરતાં ઓં નમઃ શિવાય. ગુરૂ તેજ પ્રમાણે શિવાય નમ: એમ કહે છે. તેઓ શૈવાદી ભેદે ચાર પ્રકારના છે. શૈવ-પાશુપત મહા વ્રતધર ને કાલમુખ અમારા દેવ, સૃષ્ટિ સંહાર ને નિર્માણ કરનાર શીવ છે અમારા દર્શનમાં સોળ તત્વો માનેલા છે.

પ્રમાણ-પ્રમેય-સંશય-પ્રયોજન દૃષ્ટાંત-સિદ્ધાંત અવયવ-તર્ક-નિર્ણય વાદ-જલ્પ-વિતંડા-હેત્વાભાસ-છલ-જાતિ-નિગ્રસ્થાન. અને પ્રમાણચાર છે. પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, શબ્દ વૈશેષિકના પ્રણેતા કણાદ છે દેવતા અમારા બંને દર્શનના એકજ છે વૈશેષિકને તત્વો છ છે. દ્રવ્ય-ગુણકર્મ-સામાન્ય વિશેષ-સમવાય-પ્રમાણ બે પ્રત્યક્ષ તથા લૈંગિક અમારા દર્શનનો દેવ ઇશ્વર શીવ છે અને તે તટસ્થ છે. તેમજ અમારો દેવ સૃષ્ટિનો નિર્માણ અને સંહાર કરનારો છે.

અમારા દર્શનમાં જીવજ્ઞાનાદિ ધર્મથી અત્યંત ભિન્ન છે. તેમજ જીવાત્મા અને પરમાત્મા બે જુદી વસ્તુ છે જીવાત્મા કાર્યનું કારણભૂત છે, અને કર્તા ઇશ્વર છે. વપુવિષય ઇંદ્રિય બુદ્ધિ સુખ-દુઃખ એમનો ઉચ્છેદ થવાથી આત્મસંસ્થાન થાય જે મુક્તિ નિત્ય જેનો અનુભવ રહ્યાં કરે એવા સુખથી વિશિષ્ટ જે દુખનો અત્યંતાભાવ તે મોક્ષ.

રાણી—પંડીતજી ? જ્યારે તમે આત્માને જ્ઞાનાદિ ધર્મ થકી ભિન્ન માનો છો, ત્યારે હું જાણું છું, હું જોઉં છું, હું જ્ઞાતા, હું જોનાર, હું સુખી, હું ભવ્ય ઇત્યાદિ ભેદ પ્રતિપત્તિ કોને થાય છે ? અને જો અભિન્ન માનો તો આ ધર્મ છે, આ તેનો ધર્મ છે એવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભેદ બુદ્ધિ કેમ સંભવે ? જેથી આત્માને જ્ઞાનાદિ ધર્મથી એકલો ભીન્ન કે અભિન્ન સંભવતો નથી પરંતુ ભિન્નાભિન્ન સંભવે છે. તેમજ આત્માને કુટસ્થ નિત્યતા પણ ઘટતી નથી કેમકે આત્મા પુર્વ દશામાં જેવો હોય તેવો ને તેવો જ્ઞાનોત્પત્તિ સમય રહે તો એવો તે પદાર્થને ગૃહી શકનારો શી રીતે થાય ? અને કુટસ્થ છતાં પદાર્થ ગ્રહણ કરે તો પુર્વે નગ્રહણ કરતો છતો હાલ ગ્રહણ કરે એમ પરિણામી થયો ત્યારે કુટસ્થા રહી કયાં.

તેમજ ઇશ્વર સૃષ્ટીનો નિર્માણ તથા સંહાર કરનાર માનો છો ? ને જીવોને પોતાના પુણ્ય પાપ અનુસાર સ્વર્ગ નરકનો ઊપભોગ કરાવે છે એમ માનો છો, તો ઇશ્વર શું નિગ્રહ અનુગ્રહ કરવા માટે કરે છે તો ઇશ્વરમાં રાગ દોષનો અભાવ કેમસંભવે, જો ઇશ્વરમાં રાગ દ્વેષ હોય તો તે ઇશ્વર કેમ કહેવાય જેથી તે યુક્ત દેખાતું નથી.

રાણીના આવા તીવ્ર બુદ્ધિ બળ, જે કે ઉત્તમ ગર્ભનો પ્રભાવ છે તેમ જાણી રાજાને અતિ સંતોષ થયો અને પછી તરતજ વૈશેષિક દરશના પંડિતને બોલાવવા સુચના કરી જેથી વૈશેષિક દરશનના પંડિત આવ્યા તેમને આસન ઉપર બેસવા વિનંતી કરી જેથી તેઓ આસન ઊપર બેસતાં પોતાના દરશનનું સ્વરૂપ કહેવું શરૂ કર્યું.

અપૂર્ણ.

# જૈન સોળ સંસ્કાર.

( અનુસંધાન ગત અંક ૩ જાના પૃષ્ટ ૬૩ થી. )

વ્રતાદેશ વિધિ થયા પછી **વ્રતવિસર્ગ** કરવામાં આવે છે. બ્રાહ્મણ ઉપનય સંસ્કાર પામ્યા પછી સોળ વર્ષ સુધી વ્રત ધારણ કરી શકે છે. ક્ષત્રિય દશ વર્ષ સુધી અને વૈશ્ય બાર અથવા સોળ વર્ષ સુધી વ્રતાદેશ ધારણ કરી શકે છે. ત્યાં સુધી તે નિયમ પ્રમાણે વર્તવું એ ઉત્તમ પક્ષ ગણાય છે. કાર્ય વ્યગ્રતાને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લઈને કરી તેટલી મુદત ન રહી શકાય તો છ માસ સુધી, અથવા તેટલું ન બને તો એક માસ સુધી, તે ન બને તો પખવાડીઆ સુધી અને તેટલું પણ ન બને તો ત્રણ દિવસ સુધી રહી શકાય છે. જો ત્રણ દિવસ પણ ન બને તો તે વ્રતાદેશ લીધા પછી તેજ દિવસે વ્રતવિસર્ગ કરવામાં આવે છે.

## વ્રતવિસર્ગ વિધિ.

ઉપવીત ધારણ કરનાર શ્રાવક કુમાર ચારે દિશામાં સ્થાપિત જિન પ્રતિમાને ત્રણ પ્રદક્ષિણા કરી તેમની આગળ યુગાદિ જિનસ્તોત્ર સહિત શક્રસ્તવનો પાઠ કરી જવો. તે પછી આસન ઉપર બેસી ગુરૂને નમસ્કાર કરી બે હાથ જોડી નીચે પ્રમાણે કહેવું:—

" भगवन्, देशकाला चेक्षया व्रतविसर्गमादिश "

" હે ભગવન દેશકાળ વિગેરેની અપેક્ષાવડે મને વ્રત વિસર્ગ કરવાની આજ્ઞા આપો. " તે વખતે ગુરૂ ' आदिशामि ' ' હું આજ્ઞા આપું છું ' એમ કહે, પછી શિષ્ય કહે—

" भगवन्, मम व्रतविसर्ग आदिष्टः

' ભગવન્, તમે મને વ્રતવિસર્ગ કરવાની આજ્ઞા કરી.' તે વખતે ગુરૂ ' आदिष्टः ' એમ કહી તેને આજ્ઞા આપે, તે પછી ' ભગવન્ મેં વ્રતબંધને છોડી દીધો ' એમ શિષ્ય કહે છે એટલે ગુરૂ તેને કહે છે કે, " જિનોપવીત ધારણ કરવાથી તારો વ્રતબંધ વિસૃષ્ટ ન થાઓ, અને હવે તું જન્મથી શોળ વર્ષ સુધી બ્રહ્મચારી રહી પઠન કરવાના ધર્મમાં તત્પર રહે. " ગુરૂના આ વચન સાંભળ્યા પછી શિષ્ય, ઉપકરણોને દૂર કરે છે અને તે બધા ઉપકરણો ગુરૂની આગળ મુકે છે. પછી જિનોપવીત ધારણ કરી શ્વેતવસ્ત્રનું ઉત્તરીય રાખી શ્રાવક કુમાર ગૃહસ્થ ગુરૂની સન્મુખ નમસ્કાર કરી બેસે છે, તે વખતે ગુરૂ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેવી આગળ જિનોપવીતની વ્યાખ્યા કહી સંભળાવે છે તે આ પ્રમાણે—જિનોપવીત જિન-ભગવંતનું ઉપવીત એટલે મુદ્રાસૂત્ર તે **જિનોપવીત** કહેવાય છે. શ્રી યુગાદિ પ્રભુએ ગૃહસ્થ ત્રણ વર્ણોને નવ બ્રહ્મ ગુપ્તિ ગર્ભ એવા ત્રણ રત્ન રૂપ પોતાની મુદ્રાને યાવજ્જીવિત ધારણ કરવાને કહેલું છે, તે પછી જ્યારે તીર્થનો ઉચ્છેદ થયો અને મિથ્યાત્વનું બળ વૃદ્ધિ પામ્યું, એટલે બ્રાહ્મણોએ હિંસા પ્રરૂપણાથી ચાર વેદને મિથ્યા માર્ગમાં સ્થાપિત કર્યા, તે સમયે પર્વત અને વસુરાજાએ પ્રાયે હિંસકયજ્ઞમાં પ્રવૃત્તિ કરી અને ઉપવીતનું યજ્ઞોપવીત નામ ધારણ કરાવ્યું. મિથ્યાદૃષ્ટિએ તેનું ગમે તે નામ રાખ્યું, પણ જિનમતમાં તો તે **જિનોપવીત**ના નામથી પ્રરૂપિત છે. તે જિનોપવીત ને ઉત્તમ પ્રકારે ધારણ કરવી જોઇએ. દર માસે નવીન જિનોપવીત ધારણ કરી જીર્ણનો ત્યાગ કરવો, જો પ્રમાદથી તે જિનોપવીત તુટી જાય અથવા નષ્ટ થાય તો ત્રણ ઉપવાસ કરી નવીન જિનોપવીત ધારણ કરવી જોઇએ. પ્રેત સંબંધી કોઇ જાતની ક્રિયા કરવી હોય તો તે ઉપવીતને જમણા સ્કંધ ઉપર અથવા ડાબી કક્ષા નીચે વિપરીતપણે ધારણ કરવી; કારણ કે, એ વિપરીત ક્રિયા છે. મુનિ પણ મરણ પામેલા મુનિના ત્યાગમાં તેવી રીતે વિપરીત વસ્ત્ર પેહેરે છે, દરેક શ્રાવક કુમારે સંસ્કારી થવા માટે જિનોપવીતને સારી રીતે ગ્રહણ કરી રાખવી.”

ગૃહસ્થ ગુરૂ આ પ્રમાણે જિનોપવીતનું વ્યાખ્યાન આપી પરમેષ્ટીમંત્રનો ઉચ્ચાર કરે, તે પછી શિષ્ય અને ગુરૂ બંને ઉભા થઇ ચૈત્યવંદન તથા સાધુવંદન કરે, એટલે વ્રતવિસર્ગનો વિધિ સમાપ્ત થાય છે.

## દાનવિધિ.

વ્રત વિસર્ગ થયા પછી ગૃહસ્થ ગુરૂ પોતાના શિષ્યની સાથે જિનબિંબને ત્રણ પ્રદક્ષિણા કરી ચારે દિશામાં શક્રસ્તવનો પાઠ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભણે છે. પછી શિષ્ય ગુરૂને ત્રણ પ્રદક્ષિણા કરી નમસ્કાર કરી ઉભા રહી ગુરૂને નીચે પ્રમાણે વિજ્ઞપ્તિ કરે છે.

" भगवन्, तारितोऽहं निस्तारितोहं उत्तमः कृतोऽहं सत्तमः कृतो ऽहं पूतः कृतो ऽहं पूज्यः कृतो ऽहं तद्भगवन्नादिश प्रमाद बहुले गृहस्थ धर्मे मम किंचनापि रहस्यभूत सुकृतं ॥ "

"હે ભગવન્, તમે મને તાર્યો, નિસ્તાર્યો, મને ઉત્તમ, સત્તમ, પવિત્ર અને પૂજ્ય કર્યો. હવે મને ઘણાં પ્રમાદવાળા ગૃહસ્થ ધર્મના કાંઇક રહસ્ય રૂપ સુકૃતની આજ્ઞા આપો."

શિષ્યના આ વચન સાંભળી ગુરૂ કહે કે, "હે શિષ્ય, તેં સારૂં કર્યું અને સારૂં પુછયું, માટે તું દાન ધર્મનું શ્રવણ કર, તે પછી ગુરૂ તેને નીચે પ્રમાણે દાન ધર્મ સંભળાવે છે—

## दानधर्म.

दानं हि परमो धर्मो दानं हि परमा क्रिया
दानं हि परमो मार्ग स्तस्मा द्दाने मनः कुरु ॥ १ ॥

દાન એજ પરમધર્મ છે, દાન પરમ ક્રિયા છે અને દાન એ પરમ માર્ગ છે, તે માટે દાન કરવામાં મન કર. ૧

दया स्यादभयं दान मुपकार स्तथा विधः ।
सर्वो हि धर्म संघातो दानेऽ तभावमर्हति ॥२॥

દયા એ અભયદાન છે અને ઉપકાર એ પણ (આશ્રય દાન) છે. તેથી સર્વ ધર્મનો સંઘાત દાનની અંદર અંત ર્ભાવ થવાને યોગ્ય છે. ૨

ब्रह्मचारी च पाठेन भिक्षुश्चैव समाधिना ।
वानप्रस्थस्तु कष्टेन गृही दानेन शुद्ध्यति ॥ ३ ॥

"બ્રહ્મચારી પાઠથી, ભિક્ષુ (યતિ) સમાધિથી, વાનપ્રસ્થ કષ્ટ ભોગવવાથી અને ગૃહસ્થ દાનથી શુદ્ધ થાય છે. ૩.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ज्ञानिनः परमार्थज्ञा अर्हंतो जगदीश्वराः ।
व्रतकाले प्रयच्छंति दानं सांवत्सरं च ते ॥ ४ ॥

જ્ઞાની, પરમાર્થને જાણનારા, અને જગત્‌ના ઇશ્વર એવા અર્હંત-તીર્થંકરો વ્રત ગ્રહણ કરવા વખતે સાંવત્સરી દાન આપે છે. ૪

गृहणतां प्रीणनं सम्यक् ददतां पुण्यमक्षयम् ।
दानतुल्यस्ततो लोके मोक्षोपायो नापरः ॥ ५ ॥

દાન ગ્રહણ કરનારાઓને દાન તૃપ્તિ આવે છે અને દાન આપનારાઓને તે અક્ષય પુણ્ય પ્રાપ્ત કરાવે છે, તેથી આ લોકમાં દાનના જેવો મોક્ષ મેળવવાનો બીજો ઉપાય નથી. ૫

હે વત્સ, આ પ્રમાણે દાન ધર્મનો મહિમા છે, તે હૃદયમાં રાખી તું હંમેશાં દાન આપજે."

ગુરૂના આવા વચન સાંભળી શિષ્ય ગુરૂને કહે છે—હે ભગવન્, મને દાન આપવાનો વિધિ કહો,તે પછી ગુરૂ તેને આ પ્રમાણે દાન વિધિ બતાવે છે—હે શિષ્ય, ગાય, ભૂમિ, સુવર્ણ, રત્ન, અન્ન, વસ્ત્ર, હાથી અને ઘોડા—એ આઠ પ્રકારનું દાન કહેવાય છે, આઠ પ્રકારનું દાન ગૃહસ્થ ગુરૂને અપાય છે. નિઃસ્પૃહ એવા યતિઓ તેને ગ્રહણ કરતા નથી. યતિઓ—મુનિઓને ભોજન, વસ્ત્ર, પાત્ર, ઔષધ અને પુસ્તકનું દાન અપાય છે. દ્રવ્યનું દાન અપાતું નથી, જો યતિ—મુનિને દ્રવ્યનું દાન આપે તો તે દેનાર અને લેનાર બંને નરકે જાય છે, એ દાન આપવા વખતે નીચેનો મંત્ર ભણાય છે.

" ॐ अर्हं एकमस्ति दशकमस्ति शतमस्ति सहस्रमस्ति अयुतमस्ति भक्षमस्ति प्रयुतमस्ति कोटयस्ति कोटिदेशकमस्ति कोटि सहस्रमस्ति कोटयुतमस्ति कोटिलक्षमस्ति कोटिप्रयुतमस्ति कोटाकोटिरस्ति संख्येययमस्ति असंख्येयमस्ति अनंतमस्ति अनंतानंतमस्ति दानफलमस्ति तदक्षयं दानमस्तु ते अर्हं ॐ ॥ "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ મંત્ર બોલી દાન આપવામાં આવે છે, એ મંત્રનો ભાવાર્થ એવો છે કે, " દાન આપવાથી એકથી માંડીને અનંતાનંત સુધી દાન આપવાનું ફળ થાય છે. તે તારૂં દાન અક્ષય થાઓ. "

ઉપર કહેલા દાનમાંથી એક દાન પોતાની શક્તિ પ્રમાણે ગૃહસ્થ ગુરૂને આપવું. ઉપવીત ધારણ કરનારા શ્રાવક કુમારની પાસેથી દાન લઈ ગૃહસ્થ ગુરૂ તે શિષ્યને વાજતે ગાજતે સાધુઓની વસતિમાં ( ઉપાશ્રયમાં ) લઇ જાય અને ત્યાં મંડળી પૂજી, વાસ ક્ષેપ, અને ગુરૂવંદન વગેરે પૂર્વની જેમ કરાવે, તે પછી તે ઉપવીત ધારી શ્રાવક બાળકની પાસે ચતુર્વિધ સંઘની પૂજા કરાવવી અને મુનિઓને અન્ન વસ્ત્રાદિકના યોગ્ય દાન અપાવવા.

## ઇતિદાનવિધિ.

આ પ્રમાણે જૈન બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યને માટે બારમો **ઉપનયન** સંસ્કાર દર્શાવેલો છે, અને તેની અંદર વ્રતાદેશ, વ્રતબંધ, વ્રતવિસર્ગ અને દાનવિધિ દર્શાવવામાં આવ્યા છે આ સર્વ પ્રકાર દરેક શ્રાવકે જાણવા જોઇએ, અને તે પ્રમાણે પ્રવર્त्तન કરવાને તત્પર થવું જોઇએ.

શુદ્ર જાતિને આ સંસ્કારની યોગ્યતા નથી, તેથી તેમને માટે **ઉત્તરીયકન્યાસ** વિધિ લખેલો છે, તે ઉત્તરીયકનો ન્યાસ કરવાથી શુદ્ર ઉપવીત ધારી ગણાય છે. તેને માટે આચાર દિન કરમાં સારી રીતે લખેલું છે, જેનો સાર હવે પછી આપવામાં આવશે.

( અપુર્ણ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અદ્‌ભુત ઉપનય.

( પૃષ્ટ ૧૩૨ થી શરૂ. )

ક્ષણવારે પક્ષિઓનો મધુર ધ્વનિ પાછો પ્રગટ થઇ આવ્યો, એટલે તેના હૃદયમાં પાછો ક્ષોભ થઇ આવ્યો. તેણે તે દ્રુમની આસપાસ જોયું, ત્યાં વિવિધ રંગની લતાઓ તેના જોવામાં આવી તે જોતાંજ તે દૃષ્ટિલોલુપ બની ગયો, તેણે પોતાની ચપળ દૃષ્ટિ આસપાસ ફેરવવા માંડી. તે લતાઓના સૌંદર્યે તેને અતિ મોહિત કરી દીધો. તે એકી ટશે તે લતાઓને નિરખવા લાગ્યો. લતાઓનું નિરીક્ષણ કરતાં તેના હૃદયમાં વિચાર ઉત્પન્ન થયો કે, આ લતાઓની અંદર જે સૌંદર્ય દેખાય છે, તે માત્ર પુદ્‌ગળોની શોભા છે, તેને વિષે અતિ મોહ ધારણ કરવો, તે મારા જેવા માણસને યોગ્ય ન કહેવાય. આવા આવા પુદ્‌ગળોની શોભાથીજ આ સંસારની શોભા દેખાય છે, પણ તે શોભા પરિણામે સુખદાયક નથી. હું તેનાથી કંટાળીનેજ પેલા પાંચ કલ્પવૃક્ષોનો આશ્રય કરવા આવ્યો હતો, જો કે અત્યારે આ પક્ષિઓનો મધુર ધ્વનિ સાંભળી હું તે કલ્પવૃક્ષોથી દૂર થતો જાઉં છું, પરંતુ મારે વિચારવું જોઇએ કે, એ કલ્પવૃક્ષોથી મારે વિશેષ દૂર થવું ન જોઇએ.” તેમ વળી આ પુદ્‌ગળોની અસાર શોભામાં આસક્ત થવું ન જોઇએ. આવું વિચારી તે તરૂણ પુરૂષે તે લતાઓની શોભાના અવલોકનમાંથી પોતાના ચંચળ મનને આકર્ષી લીધું હતું.

તે લતાનું અવલોકન કર્યા પછી તે ક્ષણવાર વિચારમાં પડયો, તેવામાં કેટલીએક લતાઓ જાણે તેને જોવાને ઇચ્છતી હોય, તેમ તેની દૃષ્ટિ આગળ પ્રકાશિત થવા લાગી અને તેની મનોવૃત્તિને પ્રસન્ન કરવા અનેક જાતની ચેષ્ટા કરવા લાગી. તે તરૂણ તેની ચેષ્ટાઓથી હૃદયમાં પ્રસન્ન થતો તે પ્રદેશમાંથી આગળ ચાલ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેવામાં કેટલાક પક્ષીઓ મધુર ધ્વનિ કરતાં તેની આગળ વિવિધ જાતના સ્વાદિષ્ટ ફળ નિવેદન કરવા લાગ્યા, તે ફળોના સ્વાદમાં લોલુપ થઇ તે પક્ષીઓએ આપેલા ફળોનો સ્વાદ લેવામાં લુબ્ધ બની ગયો. ઘણી વાર સુધી તેણે ફળોનો સ્વાદ લીધો તોપણ તેની ક્ષુધા શાંત થઇ નહીં. ઉલટી વિશેષ વધવા લાગી.

આ વખતે કોકિલાઓનો પંચમ સ્વર તેના સાંભળવામાં આવ્યો. આથી તેની શ્રવણેંદ્રિય જાગ્રત થઇ તરત તે લોભાણો અને મધુર સ્વર સાંભળવાને દોડી આવ્યો, તે સ્વરના શ્રવણમાં તે એટલો બધો આસક્ત થયો કે, તેનું આત્મીય ભાન નષ્ટ થઇ ગયું. શ્રવણેંદ્રિયના રસમાં ક્ષુધા અને તૃષા વિરત થઇ ગઇ. તેણે મનને આકર્ષવા માંડયું, પણ કોઇ રીતે શ્રવણની લોલુપતાથી તે પૃથક્ થઇ શકયું નહીં. ક્ષણવાર પછી કેટલાએક સુંદર પક્ષીઓ જાણે તેની ખુશામત કરતા હોય તેમ તેની આગળ સંખ્યાબંધ આવી ચડયા અને તેઓ તેને લલચાવીને તે પ્રદેશમાંથી આગળ લઇ ગયા. થોડે દૂર જતાં કસ્તુરીના જેવો સુગંધ તેની ઘ્રાણેંદ્રિયના અગ્ર ભાગે પ્રાપ્ત થયો. તત્કાળ તે સુગંધને અનુસારે ધાવન કરવા લાગ્યો. પ્રથમના શ્રવણેંદ્રિયના સુખને ભુલી જઇ તે ઘ્રાણેંદ્રિયના સુખમાં આસક્ત થયો. તેનું આત્મીય ભાન ઘ્રાણેંદ્રિયમાં લીન થઈ ગયું. ઘણી વાર સુધી તે પ્રદેશનું માધુર્ય અનુભવતો તે ઉભો રહ્યો, એવામાં પાછો કેટલાએક પક્ષીઓનો મધુર ધ્વનિ તેના સાંભળવામાં આવ્યો. તે સાંભળતાં તેણે વિચાર કર્યો કે, " આ સુંદર પક્ષીઓ મને ઉત્તરોત્તર અધિક આનંદના સ્થળો દેખાડે છે, માટે જો હું તે સ્થળે જઇશ તો આથી પણ મને વિશેષ આનંદ પ્રાપ્ત થશે. " આવું વિચારી તે તરૂણ તે સ્થળને છોડી આગળ ચાલ્યો, તેવામાં મખમલના જેવી કોમળ ભૂમિ તેના જોવામાં આવી. તે ભૂમિનો સ્પર્શ કરતાં તેની સ્પર્શેંદ્રિયને ભારે આનંદ મળવા લાગ્યો. સ્પર્શ સુખને સંપાદન કરવાને તે કોમળ ભૂમિ ઉપર લોટવા લાગ્યો અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેથી પોતાના આત્માને વિશેષ સુખ આપવા લાગ્યો. તે ઘણી વાર સુધી તેજ ભૂમિમાં રહયો અને તે દરમીયાન પેલા પાંચ કલ્પવૃક્ષોને તે વિસ્મરી ગયો.

આ પ્રદેશમાં ઘણી વાર રહેતાં તે એટલો બધો આસક્ત થયો કે, તેને આ જગતમાં બીજું કાંઇ પણ સુખકારક લાગ્યું નહીં. ક્ષણવાર તે પાછો તે પેલા પૂર્વના અનુભવેલા વિવિધ વિષયોને સેવવાને પણ તૈયાર થતો અને પાછો આ પ્રદેશમાં આવી પડતો હતો.

એક વખતે તે પુરૂષ કોમળ ભૂમિ ઉપર સૂતો હતો, તેવામાં એક વિકરાળ પુરૂષ આવ્યો. તે પુરૂષની આકૃતિ ભયંકર હતી, પણ તે સ્વભાવે મસ્કરો હોવાથી તેની ઉપર તે તરૂણને સ્નેહ ઉત્પન્ન થઇ આવ્યો. તેણે હૃદયથી તે પુરૂષને બહુ માન આપી પોતાની પાસે બેસાર્યો. તે પુરૂષે હાસ્યપૂર્વક જણાવ્યું, “ પ્રિયભાઇ, તું મારા વિકરાળ સ્વરૂપથી ભય પામીશ નહીં. હું તારો ઇષ્ટ મિત્ર છું. મારા સહવાસથી તને ઘણું સુખ પ્રાપ્ત થશે. માણસને માથે સદાચરણના પ્રવર્ત્તનની જે ઉપાધિ રહ્યા કરે છે, તે મારાથી દૂર થઇ જશે. મારા સહવાસથી તું સદા આવી કોમળ ભૂમિમાં પડયો રહીશ. કોઇ જાતની કાર્યોપાધિ તારી પાસે આવી શકશે નહીં. ” તે પુરૂષના આવા આનંદદાયક મધુર શબ્દો સાંભળી તે તરૂણને અતિ આનંદ થઇ આવ્યો. તેણે તે વિકરાળ પુરૂષનો ઉપકાર માન્યો અને પ્રેમથી તેને આલિંગન કર્યું.

તે પુરૂષના સમાગમ સુખમાં મગ્ન થઇ તે તરૂણ તે સ્થાને ઘણી વાર પડી રહયો. તેણે બીજી સર્વ કાર્યોપાધિનો ત્યાગ કરી દીધો. અને તેથી તે પોતાના આત્માને પરિપૂર્ણ કૃતાર્થ માનવા લાગ્યો.

થોડીવાર પછી એક બીજો ઉગ્ર પુરૂષ આવ્યો, તેની આકૃતિ મદ ભરેલી દેખાતી હતી, તેને જોતાંજ આ તરૂણ પુરૂષ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘણોજ રાજી થયો, અને તેણે તેનો ભારે સત્કાર કર્યો, તે ઉગ્ર પુરૂષ બોલ્યો—"ભાઈ, તમારી મનોવૃત્તિ જાણીનેજ હું તમારી પાસે આવ્યો છું, તમે મારા પુર્ણ ગ્રાહક છો; એવો મારા હૃદયમા પુર્ણ વિશ્વાસ છે. મને આશા છે કે, તમે કદિ પણ મારો અનાદર કરશો નહીં. હું યાવજ્જીવિત તમારેજ આધારે રહેવાની ઇચ્છા રાખું છું." તેના આવા મધુર અને પ્રિય વચનો સાંભળી તે તરૂણ પુરૂષ ખુશી થઇને બોલ્યો—"ભદ્ર, તમે મારી સાથે રહો. હું તમને યાવજ્જીવિત પ્રેમથી ધારણ કરીશ. તમારા જેવા ઉત્તમ પુરૂષની મારે ઘણીજ જરૂર છે, તમારાથી હું પ્રતિષ્ટામાં ચડીઆતો થઈશ, અને તેથી પ્રતિક્ષણે તમારો આભાર માન્યા કરીશ."

તે તરૂણના આવા વચન સાંભળી તે પુરૂષ પણ પ્રસન્ન થઇને તેની પાસે રહયો, અને તેના સહવાસથી પેલો તરૂણ ઉગ્ર રૂપ ધારણ કરી અને સર્વ કર્તવ્યની ઉપાધિમાંથી મુક્ત થઇ તેજ સ્થાને આનંદમાં મગ્ન થઇને રહયો હતો.

અપૂર્ણ.

---

॥ ॐ ॥

## सद्भावना.

જીવ તું વિચાર કર કે તારી મૂળ સ્થિતિ કઇ ? સૂક્ષ્મ નિગોદ. અહો તેમાં કેવી દુઃખ વિડંબના ? શ્વાસોશ્વાસમાં પણ અધિક ૧૭ ભવો કરી કરી મૃત્યુવશ થવું. આવી દુઃખની કોટિથી, સ્થિતિ પરિપાકાદિક કારણને પામી જીવ વ્યવહાર રાશિ પ્રાપ્ત કરી અનુક્રમે અનેક અનંત દુઃખ રાશિઓ ભોગવતો ભોગવતો કોઇક મહા પુણ્ય યોગે આ દશ દ્રષ્ટાંતે દોહિલો માનવ દેહ પામ્યો, તેમાં પણ અત્યંત પુણ્ય યોગે પામવા યોગ્ય ધર્મ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સામગ્રી, આર્યક્ષેત્ર, સદ્ગુરૂ યોગ, ધર્મ શ્રવણ અને ધર્મરૂચિ વિગેરે પામીને " देहस्य सारं व्रत धारणं च " આ દુર્લભ દેહ પામવાના ખરા સારરૂપ પવિત્ર વ્રતનું ધારણ કરવું તેજ છે. શ્રી વીતરાગ દેવ ભાષિત સર્વ વિરતિ ધર્મ અપૂર્વ ચિંતામણી તુલ્ય છે, તે પરમ ભક્તિથી આરાધ્યો છતાં શાશ્વત સુખ આપે છે. તેવા પરમ નિરૂપાધિક ધર્મ સર્વથા પ્રમાદ રહિત આરાધવા યોગ્ય છે. પ્રમાદ એ આત્માનો કટ્ટો દુશ્મન છે. શ્રી જીનેશ્વર ભગવાનના પવિત્ર વચનનો અનાદર કરી આપ મતિએ વર્તવું એ પ્રમાદ છે. માટે સર્વ પ્રયત્ને કરી શ્રી જીન વચનને યથાર્થ સમજી પાળવા ઉજમાળ થવું શ્રેયકારી છે. સુખશીળ જીવ અલ્પ સુખ માટે ઘણા કાળનું ઉંચા પ્રકારનું સ્વર્ગનું કે મોક્ષનું સુખ હારી જાય છે. જો સુખશીળ પણું તજી સાવધાન થઇ શ્રી જિન આજ્ઞાને બરાબર આરાધવા ખપ કરે તો અલ્પ કાળમાં અલ્પ કષ્ટે બહુ કાળનું ઉંચા પ્રકારનું સુખ મળે, પણ જીવ સ્વાધીનપણે કાયર થઇ આત્મ સાધન કરતો નથી એટલે ખરા સબળ વિના પરાધીન થઇ પછી ધર્મ સાધન કરી શકતો નથી " પાણી પહેલાં પાળ " ની પેઠે આગળથીજ આત્મ સાધન કરી લેવું જોઇએ.

જીવ અજ્ઞાન દશાએ કરી મોહમાં મુંઝાઇ હું અને મારૂં મારૂં કરી કરી મહા દુઃખ પામે છે. નિર્મળ સ્ફટિક રત્ન જેવો સહજ જ્ઞાન જ્યોતિ–પ્રભાથી સુશોભિત આ આત્મા પોતાનું મૂળ સ્વરૂપ, મોહ મદિરાના છકથી ચૂકી જઇ અજ્ઞાનને વશે પર વસ્તુમાં મારૂં મારૂં કરી મરે છે અંતે સર્વ છોડીને જવું પડે છે એમ પ્રત્યક્ષ દેખતો છતો મોહ મદિરાથી બેભાન થઇ ગયેલો જીવ ખોટો મમત્વ તજતો નથી તો અંતે પરાભવ પામી દુર્ગતિ પામે છે, જ્યાં કોઇ શરણ થતું નથી સમ્યગ્ જ્ઞાન એજ મોક્ષ માર્ગ બતાવવા દીપક છે, એજ ભવાટવી ઉતારવા ખરો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાથી છે, માટે અંત સુધી તેનો સંગ મુકવો નહિ. સમ્યગ્જ્ઞાન અને વૈરાગ્ય એ આ ભયંકર ભવ સમુદ્ર તારવા ભારે જબરી નાવ જેવા છે, ભવ્ય જીવોને તેનું દૃઢ અવલંબન કરવું ઘટે છે, ગુણદોષ, ઉચિત, અનુચિત, હિત અહિત અને લાભાલાભને બરોબર સમજવારૂપ વિવેક તે અંતરમાં પ્રકાશ કરનાર અભિનવ ભાનુ સમાન છે અને તેને પામ્યેજ સર્વ સુખ સંપ્રાપ્ત થાય છે તેથી સ્થિરતા, સમતા અને ત્યાગાદિક ઉત્તમ ગુણો પ્રગટે છે. ખરૂં જોતાં આ આત્મા પોતેજ ગુણ રત્નનો દરિયો છે, ગુણમયજ છે પણ તે સર્વ વિવેકવડે જાણી આદરિ શકાય છે અને તે વિના ધુંચવાડામાં બાચકા ભરવા જેવું થાય છે આત્માનું ખરૂં ધન–ખરૂં કુટુંબ અંતરમાંજ છે જેને મોહવશ પ્રાણી અજ્ઞાનવડે ભુલી જઇ ભ્રમથી ખોટાં એવા ધન કુટુંબમાં મોહી રહ્યો છે. લોહીવડે ખરડાયેલું વસ્ત્ર જેમ લોહીથી સાફ થતું નથી. તેમ પ્રમાદથી મેળવેલો કર્મમળ પ્રમાદથી ટળી શકતો નથી. અપ્રમાદ એજ આત્મ સાધનમાં અનુકુળ–મિત્ર–સહાયી છે, કાળજી–આદરથી શ્રી જિન આણાનું આરાધન કરવું તેજ ખરો અપ્રમાદ છે. માટે મદ, વિષય, કષાય, આળસ અને વિકથા વરજી સાવધાન થઈ સર્વ પ્રાણી ઉપર સમભાવ રાખી નિર્મળ મન, વચન અને કાયાવડે શીળ–સદાચાર પાળવા ઉજમાળ થવું.

પ્રાણાંતે પણ પરજીવને ત્રાસ નહીં આપવા પોતે દુઃખ ભોગવવું પણ અન્યને દુઃખ ન દેવું. પ્રાણાંતે પણ કષાયાદિકને વશ થઇ અસત્ય નહીં બોલવું. જેથી પરપ્રાણીને દુઃખ થાય, અહિત થાય તેવું સાચું પણ અસત્ય તુલ્ય સમજી વિવેકપૂર્વક હિત–મિત (જોઇએ તેટલુંજ) સ્પષ્ટ, ધર્મને બાધક ન આવે તેવું વિચારીનેજ બોલવું. જેમ તેમ વગર વિચારે બોલતાં ઉત્સૂત્ર ભાષણનો પણ પ્રસંગ આવી જાય, જેથી સંસારમાં બહુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પર્યટન કરવું પડે માટે ઉપયોગપૂર્વકજ બોલવું. અદત્ત પણ ચારે પ્રકારનું તજવું તીર્થંકર અદત્ત—શ્રી તીર્થંકર દેવે નિષેધેલું નહીં લેવું, ગુરૂ અદત્ત-ગુરૂની આજ્ઞા વિના નહિ લેવું, સ્વામી અદત્ત—વસ્તુના ધણીની આજ્ઞા વિના તે ન લેવી, અને જીવ અદત્ત-સચિત કે મિશ્ર વસ્તુ ન લેવી. કેમકે સર્વ કોઇને પોતપોતાના પ્રાણ વહાલા હોય છે માટે સર્વથા ચારે પ્રકારે અદત્ત વર્જવું. બ્રહ્મચર્ય-દેવ, મનુષ્ય અને તિર્યંચ સંબંધી ઔદારિક અને વૈક્રિય મન વચન અને કાયાથી કૃત ( કરવું ) કારિત ( કરાવવું ), અને અનુમોદનના ભેદેથી અઢાર પ્રકારની મૈથુન ક્રિડાનો સર્વથા ત્યાગ કરવો. પરિગ્રહ-બાહ્ય અને અભ્યંતર ધન ધાન્યાદિક બાહ્ય નવ વિધનો અને ૪ કષાય, ૩ વેદ, હાસ્યાદિક ષટ્, અને મિથ્યાત્વરૂપ ચૌદ પ્રકારના અભ્યંતર પરિ ગ્રહનો સર્વથા ત્યાગ કરવો. મૂર્છાનેજ તત્ત્વથી પરિગ્રહરૂપ કહ્યા થી મૂર્છાજ તજવી યોગ્ય છે. ધર્મ ઉપગરણો વિષે પણ મૂર્છા પરિગ્રહરૂપજ છે. અર્થાત્ રાગદ્વેષ તજી કેવળ મોક્ષાર્થે બીજી કોઇ પણ આશા વિના એ પાંચે મહાવ્રતો નિર્મળ મન વચન અને કાયાવડે પાળવા ( દઢપણે ) પ્રેરણા કરવી અને ઉક્ત મહા વ્રતોને દઢપણે ( વીતરાગ વચન અનુસારે ) પાળનારની સદા અનુમોદના કરવી. એ આ દુઃખ જાળથી ભરેલા ભયંકર ભવોદધિ તરી જવાનું અદભુત અને સરલ સાધન છે. તે સિવાય સર્વથા રાત્રિ ભોજનનો ત્યાગ, પ્રતિ લેખન ( પડીલેહણ, પ્રતિક્રમણ અને પિંડ વિશુદ્ધિ ) વિગેરેનું બરાબર સાવધાનપણે વિધિના ખપી થઇ સ્વશકત્યાનુસાર જે કરવું તે પુર્વોક્ત પંચમહાવ્રતોની શુદ્ધિ હેતે તેમજ પુષ્ટી હેતે સમજવું. ટુંકાણમાં જેમ રાગદ્વેષ પાતળા પડે-હઠે-દુર જાય-નાશ પામે તેમ મોક્ષાર્થી જીવોએ સાવધાનપણે વર્તવું.

ઇંદ્રિયોના વિષયોમાં ભટકતા મન-મર્કટને રોકી તેને શુભ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંયમ ક્રિયામાં જોડી દેવું. મન છુટું રહ્યું થકું જેટલો અનર્થ કરે છે તેટલો શુભ ક્રિયામાં પ્રવર્તતું નહિ કરી શકે, આ મન મત્તંગજ છુટો પડયો સંયમ બગીચો–ફાલ્યો ફળ્યો પણ ફેંદી નાંખે છે માટે શ્રી જિન આણારૂપ અંકુશ ધારી તેને તમે વશ કરો નહિ તો તમારી સર્વ મહેનત નિષ્ફળ પ્રાયઃ જવાની. માટે જેમ બને તેમ યુક્તિયો પ્રયોજી મનને વશ કરવા દઢ અભ્યાસ કરવો જરૂરનો છે. આમ કરી–મનને વશ કરી–સંયમનું સંરક્ષણ કરવું યુક્ત છે યતઃ—

અહંકાર પરમેં ધરત, ન લહે નિજ ગુણ ગંધ;
અહં જ્ઞાન નિજ ગુણ લગે, છુટે પરહી સંબંધ, ૧
રાગદ્વેષ પરિણામ યુત, મનહી અનંત સંસાર;
તેહીજ રાગાદિક રહિત, જાણ પરમ પદ સાર. ૨
વિષય ગ્રામકી સીમમેં, ઇચ્છા ચારી ચરંત;
જિન આંણા અંકુશ કરી, મન ગજ વશ કરંત. ૩

આમ અનેકધા મહાત્મા પુરૂષો સંયમ રક્ષણ કરવા ઉત્તમ રીતે બોધ આપે છે. તે હૃદયમાં ધારી આપણી શક્તિ ફોરવી યથા યોગ્ય તેનો ઉપયોગ કરીએ તોજ આ અમુલ્ય તક મહાભાગ્ય યોગે આપણને મળી લેખે છે. અન્યથા તો દરિયામાં ડુબકીની પેરે પાછા સંસાર સમુદ્રમાં ડુબવાનું છે. માટે જાગૃત થઇ ( અનાદિ મોહ નિદ્રા તજી ) સાવધાન થઇ સ્વહિત સાધવા તત્પર થવું ઘટે છે અન્યથા યમનો સપાટો લાગ્યે ઝુરણા સાથે યમના અતિથિ થઇ નિર્મીત દુઃખ દીનપણે અવશ્ય ભોગવવુંજ પડશે માટે પ્રથમથી ચેતવું સારૂં છે. ઇત્યલમ્.

લેખક.

મુનિ કર્પૂરવિજયજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પૂજ્ય મુનિરાજો તથા વિવેકી શ્રાવકો પ્રતિ અતિ અગત્યની સુચનાઓ.

## પ્રિય ધર્મ બંધુઓ !

આપ લાંબા અનુભવથી જાણો છો કે, કુસંપથી આપણી ભારે અવનતિ ( ખુવારી ) થવા પામી છે. પૂર્વે જ્યારે શ્રાવક લોકો સુસંપવડે ઘણા વ્યાપાર રોજગારાદિ વ્યય નીતિથી કરીને અનગળ લક્ષ્મી ઉપાર્જી, તિર્થયાત્રા સદ્‌ગુરૂ ભકિત, તથા સંઘ સાધર્મી ભાઇઓની યોગ્ય સેવા કરી, પવિત્ર શાસનને અલંકૃત–ઉન્નત કરી ન્યાયોપાર્જીત લક્ષ્મીનો લ્હાવો લઇ સ્વજન્મ સાર્થક કરતા ત્યારે અધુના કુસંપે કરી, ધંધા રોજગારથી પૈસા ટકાથી ન્યાય નીતિથી તેમજ ઇજત આબરૂથી શ્રાવક ભાઇઓ બહુધા કમજોર થયા દીસે છે. આની ભારે અવદશાનું મૂળ કારણ શોધી કાઢવું ખાસ જરૂરનું છે. જ્યાં સુધી કાળમુખ કુસંપને પરિહરી સુસંપ વધારવામાં નહીં આવે, અને એક બીજાની ઉન્નતિ દ્વારા શાસનની ઉન્નતિ કરવા ઉદારતાથી યોગ્ય પગલાં ભરવામાં નહીં આવે, ત્યાં સુધી જૈનોની સ્થીતિ સુધારવાની આશા રાખવી વ્યર્થ છે. આજ કાલ કુસંપ તથા અવિવેકના જોરથી એકલપેટાપણું–સ્વાર્થ (selfishness) અને બેપરવાઇ (Indifference) આ બે મોટા દોષોએ શ્રીમંતોના પણ દીલમાં વાસ કર્યો છે. આનું પરિણામ એ આવ્યું છે કે, તેઓ પોતાના સગા ભાઇઓ કે સાધર્મી ભાઇઓને દુઃખી સ્થીતિમાં પ્રત્યક્ષ દેખતા છતાં પરોપકાર બુદ્ધિથી તેમનો ઉદ્ધાર કરવા વિચાર સરખો પણ કરી શકતા નથી.

આમ એક દ્રવ્યવાન જૈન તરીકેની બજાવવા યોગ્ય પોતાની ખાસ ફરજથી જ્યારે તેઓ તદન વિમુખ રહે છે, અર્થાત્ દુઃખી ભાઇઓની કાંઇ પણ દાઝ હૃદયમાં ધરતા નથી, ત્યારે સ્વભાવિક છે કે, અન્ય દ્રવ્યહીન દુઃખી શ્રાવક વર્ગ પણ તેઓ પ્રતિ પોતાનો અભાવજ પ્રદર્શીત કરે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આમ કુસંપનાં કારણો વૃદ્ધિગત થવાથી કુસંપ પણ વૃદ્ધિ પામતો જાય છે. આ પ્રમાણે દિન પ્રતિદિન વધતા જતા; કુસંપનાં મૂળ કાપવા જ્યાં સુધી સ્વાર્થી શ્રીમંતો પોતાનું ખાસ કર્તવ્ય લક્ષમાં લઈ પુરતી કાળજી સાથે ભગીરથ પ્રયત્ન કરશે નહીં, અને જે દ્રવ્યને અહીંજ છેડી દઈ ખાલીજ હાથે પોતાને પરભવ સિધાવવું છે, તે અસ્થીર દ્રવ્યનો મોહ તજી તેવડે પોતાના સીદાતા સાધર્મીઓનો બનતો ઉદ્ધાર કરશે નહીં ત્યાં સુધી દિન પ્રતિદિન થતી જતી કરૂણાજનક સ્થીતિ કદી સુધારી શકશે નહિ, આમ નિશ્ચયપૂર્વક સમજી હાનાં દીક્ષના મુનીરાજો તેમજ શાસનનું હિત ઇચ્છનારા શ્રાવકજનો પોતપોતાની ઉચિત ફરજો બજાવવા તત્પર થઇ જેમ આ કુસંપનો સડો દૂર થાય તેમ કરવા ભગીરથ પ્રયત્ન સેવશે. તો આશા છે કે, તે કામ સમસ્ત જૈન કોમને ભારે મોટો આશીર્વાદરૂપ થશે, નિઃસ્વાર્થપણે પ્રયત્ન કરનારને અતુલ્ય લાભ સંપાદન થશે. અને શાસનની મોટી ઉન્નતિથી બીજા અનેક જીવોને વારંવાર લાભ થઇ શકશે.

લેખક–મુનીશ્રી કપૂર વિજયજી. (અધુરૂં.)

## શ્રીમદ્વિજયાનંદસૂરી આત્મારામજી મહારાજના વડીલ શિષ્ય મુનિમહારાજ શ્રીચારિત્રવિજયજી મહારાજનુ સમાધિ મરણ.

આ મહાત્માનો જન્મ વિક્રમ સં. ૧૮૯૨ ની સાલમાં દેશ પંજાબ જિલ્લા જાલંધર શહેર હુશીયારપુરમાં ઓશવાલ કુળમાં થયો હતો સવત ૧૯૨૦ ની સાલમાં ઢુંઢક સાધુ અમર સંઘજીના ટોળામાં ઢુંઢક દીક્ષા ધારણ કરી હતી, આઠ વર્ષ પછી તેમની શ્રદ્ધા શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વરજી મહારાજની સાથેજ સનાતન જૈનધર્મની થઇ હતી પણ ચાર વર્ષ શુદ્ધ શ્રદ્ધાનપૂર્વક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઢુંઢક વેષમાંજ રહી તે વખતે આ મહાત્માનું નામ ( સલામતરાયજી ) હતું તેજ દીક્ષા થયા પછી પણ રહ્યું હતું.

અનેક ભવ્ય જીવોને શુદ્ધ માર્ગમાં દાખલ કર્યા પછી શ. ૧૯૩૨ની સાલમાં શ્રીરાજનગર અમદાવાદમાં શ્રીમદ્બુદ્ધિવિજયજી ( બુટેરાયજી ) મહારાજની પાસે શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વરજી મહારાજની સાથેજ શુદ્ધ દીક્ષા ધારણ કરી હતી ને એ મહાત્મા શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વરજીનાજ શિષ્ય થયા હતા ત્યાર પછી અપ્રતિબદ્ધ વિહાર કરી અમદાવાદ, ઇંદોર, ભાવનગર, પાલીતાણા, જોધપુર, બીકાનેર, જયપુર, દિલ્હી, કપડવંજ, જામનગર, મોરબી, ધોલ, મહેસાણા, ઉનાવા, માંડલ અને પંજાબ દેશમાં ચતુર્માસ રહી અનેક ભવ્ય જીવોને ધર્મ પ્રાપ્ત કરાવી કુલ ૪૫ વર્ષની નીકષ્કલંક પ્રવજ્યાપાલી સં. ૧૯૬૫ માઘ શુદી ૭ ગુરૂવાર દિવસે ૧૧વાગે દોઢ દિવસની બીમારી ભોગવી સમાધિ અણસણ પૂર્વક કાળ ધર્મને પ્રાપ્ત થયા છે આ મહાત્મા યુગલીયા જેવા સરલ સ્વભાવિ અને ઘણાજ સંતોષી હતા ચારિત્રના દોષથી અત્યંત ડરવાપણું અને પ્રિય વચન ઉચ્ચારવાપણું તો આ મહાત્માનો સહજ ગુણ હતો. દયા, ક્ષમા, વિગેરે અન્ય ગુણો તેમના આત્મામાં પૂર્ણ રીતે આવિર્ભાવ પામેલા હતા, આવા મહાત્માના વિયોગથી આખી પંજાબ પ્રાયે શોકમય થઇ છે અને જે જે ભાગ્યશાળીઓને સમાગમ આ મહાત્માનો થયો હશે તેઓનું હૃદય આ સમાચાર સાંભળવાથી કંપાયમાન થયા વગર રહેશેજ નહીં પરંતુ સર્વભક્ષી કૃતાંત આગલ કોઇનું જોર ચાલે તેમ નથી, ભાવિ ભાવ હોય તેમજ બને હવે તેમના આત્માને શાંતિ મળો.

એજ શ્રીસંઘનો આશીર્વાદ—

લી૦ શ્રીસંઘગુજરાંવાળા પંજાબ.

For Private And Personal Use Only